SSP/JUL 98/06/2500

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## સત્સંગ પ્રવીણ
## પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૫] (રવિવાર, ૧૯ જુલાઈ, ૧૯૯૮) કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

(વિભાગ - ૧ કિશોર સત્સંગ પ્રવીણ)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈ પણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''પણ આમાં તમારું નામ ક્યાં છે ?''
૨. ''ભાઈના કૃત્ય સામું ન જોતા, એને તમારા ધામનો અધિકારી બનાવજો.''
૩. ''તમારે અમે કહીએ એમ કરવું છે કે સાધુ થવું છે ?''
૪. ''અમારો ઢોલિયો તણાય છે.''

**પ્ર.૨. નીચેનામાંથી કોઈ પણ બે પ્રસંગના કારણ આપીને સમજાવો (બારેક લીટીમાં)** ૮

૧. અલૈયા ખાચરને ખૂબ પશ્ચાત્તાપ થયો.
૨. શ્રીજીમહારાજ જેઠા મેરને ઘરે પધાર્યા.
૩. આશ્રમના મહંતે ૫૦૦ સોનામહોરો શિષ્યોને આપીને પોતે શ્રીજી મહારાજ પાસે રોકાઈ ગયા.
૪. રામબાઈએ ઘડામાંથી થોડું પાણી પીધું ને બાકીનું કુવામાં નાખ્યું.

**પ્ર.૩. નીચેના કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. જેતલપુરની ગણિકા.
૨. બંધિયાના ડોસાભાઈ.
૩. કલ્યાણ.
૪. આજ્ઞા.

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. બ્રહ્મચારીએ કઈ ઇન્દ્રિયને વિશેષ જીતવી ?
૨. શ્રીજીમહારાજે સોમલા ખાચરની પ્રશંસા વચ.કા.- ૬ માં શું કરી છે?





૩. શ્રીજી મહારાજે ગૃહસ્થો માટે કયાં પંચ વર્તમાન આપ્યાં છે ?
૪. તીર્થ એટલે શું ?
૫. લીલા ચિંતામણિ અને ધ્યાન ચિંતામણી વિશે શાસ્ત્રીજી મહારાજ શું કહેતા ?
૬. સંપ્રદાયનો સંસ્કૃતમાં મુખ્ય ગ્રંથ કયો છે ?

**પ્ર.૫. નીચે આપેલ સ્વામીની વાત પૂરી કરી તેનું વિવરણ લખો અથવા વચાનામૃતનું નિરૂપણ કરો.** ૫

'દુઃખ કોઈ માનશો નહી, ..................................................'

**અથવા**

વચનામૃત ગઢડા પ્રથમ - ૨૨નું નિરૂપણ કરો.

**પ્ર.૬. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર ટૂંક નોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. કૃપાનંદ સ્વામી
૨. માનસી પૂજા
૩. વચનામૃત

**પ્ર.૭. નીચેનામાંથી કોઈ પણ ત્રણ કીર્તન/શ્લોક/અષ્ટકની ખૂટતી કડી પૂરી કરો.** ૬

૧. શિર પર ............................................. શોભે ઘણેરાં.
૨. વ્હાલા તારા ઉરમાં ................................ સુંદર વર છેલડા રે લોલ.
૩. સત્સંગી જે તમારા ................................. અમને ન નડે.
૪. સમદુઃખસુખઃ ..........................................
૫. બાહ્યાન્તરિન્દ્રિયગણ .............................. પ્રપદ્યે ।

(વિભાગ - ૨ ગુણાતીતાનંદ સ્વામી)

**પ્ર.૮. નીચેનામાંથી કોઈ પણ બે વિધાન કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''મારે ઘરે જવું નથી ને આપની સેવામાં અખંડ રહેવું છે.''
૨. ''હળદી જરદી નવ તજે, ખટરસ તજે ન આમ,
ગુણીજન ગુણકો નવ તજે, અવગુણ ન તજે ગુલામ.''
૩. ''હું જેવો કોઈ ભગવાન નથી, આ જેવા કોઈ સાધુ નથી.''
૪. ''તમારી ગાડીને જોડેલા બળદની ઉપર અમારે ધૂંસરી મુકાય નહિ.''

**પ્ર.૯. નીચેનામાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં)** ૮

૧. મુક્તાનંદ સ્વામીએ સ્વામીના વૃત્તિના નિરોધને વખાણ્યો.

૨. ગોપાળાનંદ સ્વામીની ના છતાં પાર્ષદો ઘાસ કાપવા ગયા.
૩. નાગર ભક્તનો રસાસ્વાદ ટળી ગયો.
૪. સ્વામી પાસે આત્માનંદ સ્વામીએ પત્તરની પ્રસાદી માંગી.

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. સ્વામીનાં દર્શનનો ખપ.
૨. એકાત્મતા.
૩. નિર્માનિતા.
૪. દારિદ્રય ટાળ્યું.

**પ્ર.૧૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** ૫

૧. જોગી વેશમાં દર્શન દઈને સ્વામીને શ્રીજીમહારાજે શું કહ્યું ?
૨. શ્રીજીમહારાજે કુરજી દવેને શું બક્ષીસ આપી ?
૩. જસા ભગતને દુઃખ કેમ આવ્યું ?
૪. જૂનાગઢમાં હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા ક્યારે થઈ ?
૫. છેલ્લે જૂનાગઢથી વિચરણમાં નીકળતાં નીકળતાં ગુણાતીતાનંદ સ્વામી શું બોલ્યા ?

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈ પણ બે પ્રસંગો ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. આજ્ઞાધારક.
૨. મૂર્તિમાં રસબસ.
૩. તમારામાં અખંડ રહ્યો છું.
૪. સેવા કરે તે મહંત.

**(વિભાગ - ૩ 'સત્સંગ પરિચય' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈ પણ ત્રણ વિષે ત્રીસ-ત્રીસ લીટીમાં વિવરણ લખો.** ૨૧

૧. કૃપાસાધ્ય શ્રીજીમહારાજ. **અથવા** અઢારને દીક્ષા.
૨. ગુરુવચને ચૂરે ચૂરા. **અથવા** સાક્ષાત્કાર.
૩. દાદાખાચરની સમર્પણ ભાવના.
**અથવા**
પ્રેમાનંદ સ્વામીની પ્રેમલક્ષણા ભક્તિ.
૪. લક્ષ્મીચંદ શેઠ. **અથવા** રાજબાઈ.